
## તક્ષશિલા વિદ્યાલય-બાયડનું ૯૮ ટકા પરિણામ



અરવલ્લી જિલ્લામાં શિક્ષણક્ષેત્રે અગ્રેસર બાયડની તક્ષશિલા વિદ્યાલયનું ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૯૮ ટકા પરિણામ આવતાં આનંદ છવાયો છે. સંસ્થાના વિદ્યાર્થીઓએ બોર્ડ પરીક્ષામાં યશસ્વી દેખાવ કર્યો છે જેમાં નિસર્ગ જગદીશકુમાર પ્રજાપતિ ૯૯.૮૭ ટકા સાથે પ્રથમ, મોક્ષિતા ધીરજભાઈ સોલંકી ૯૮.૦૫ ટકા સાથે બીજા અને નિધિ નિલેષભાઈ પટેલ ૯૬.૯૮ ટકા સાથે ત્રીજા સ્થાને આવી ગૌરવ વધારતાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી અતુલભાઈ પટેલ, ડિરેક્ટર તપનભાઈ પટેલ, મેમ્બર ઓફ મેનેજમેન્ટ જગદીપભાઈ સોલંકી, હસમુખભાઈ ઝાલા, પ્રિન્સીપાલ કુણાલભાઈ પટેલ વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

## બાયડ હાઈસ્કૂલનું ગૌરવ



બાયડની શ્રી એન.એચ.શાહ(સાઠંબાવાલા) હાઈસ્કૂલના ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના છાત્રોએ બોર્ડ પરિણામમાં જવલંત દેખાવ કરી સંસ્થાને ગૌરવ અપાવ્યું છે. જેમાં પ્રશાંત મુકેશકુમાર ખાંટ ૯૯.૬૮ પર્સન્ટાઈલ રેક્ક સાથે પ્રથમ, ક્રિષી જીગ્નેશકુમાર પટેલ ૯૯.૦૧ પર્સન્ટાઈલ રેક્ક સાથે બીજા, હર્ષિલ વિક્રમભાઈ રાઠોડ ૯૯.૪૭ પર્સન્ટાઈલ રેક્ક સાથે ત્રીજા, હેમલ વસંતભાઈ પટેલ ૯૯.૧૯ પર્સન્ટાઈલ રેક્ક સાથે ચોથા અને ખુશી સંજયભાઈ શાહ ૯૯.૧૧ પર્સન્ટાઈલ રેક્ક સાથે પાંચમા સ્થાને ઉત્તિર્ણ થવાની સાથે ગુજકેટ પરિણામમાં પણ ઝળહળતી સિદ્ધિ હાંસલ કરતાં બાયડ કેળવણી મંડળના અધ્યક્ષ કનુભાઈ એમ. પટેલ, ચેરમેન મોતીભાઈ એચ. પટેલ, વાઈસ ચેરમેન વિઠ્ઠલભાઈ આર. પટેલ, સેક્રેટરી વિનુભાઈ જે. પટેલ, કોષાધ્યક્ષ કનુભાઈ કે. પટેલ, શાળાના આચાર્ય સુનિલભાઈ કે. પટેલ, ઉચ્ચત્તર વિભાગના સુપરવાઈઝર એમ.એન. શાહ, માધ્યમિક વિભાગના સુપરવાઈઝર વિનુભાઈ પટેલ વગેરેએ તેજસ્વી છાત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રાંતિજ તીર્થગન વૃધ્ધાશ્રમમાં અનોખી રીતે શ્રધ્ધાંજલી કાર્યક્રમ યોજાયો




સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ તીર્થગન વિસામો વૃધ્ધાશ્રમ મા ૧૪ મી મે ની રઢીયાળી રાત્રીએ કોરોનામા કાળધર્મ પામેલા વયસ્થો તેમજ સીનીયર સીટીઝન વડીલો ને શ્રધ્ધાજંલી આપવાનો અનોખો કાર્યક્રમ સંસ્થા દ્વારા યોજવામા આવ્યો હતો. પ્રાંતિજ શ્રીમાર્કંડેશ્વર મહાદેવ મંદિર નજીક આવેલ તીર્થગન વિસામો વૃધ્ધાશ્રમ ખાતે વર્ષ દરમ્યાન અનેક સારા માઠા પ્રસંગો અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામા આવે છે કોરોનાની મહામારીમાં અને કપરા કાળમા જોકે આ વૃધ્ધાશ્રમમા આશરો લેનાર એક પણ વ્યક્તિનું અવસાન થયુ નહતુ પરતુ પ્રાંતિજ નગરમા રહેતા અનેક વડીલો અને સીનીયર સીટીઝન કોરોના નો કોળીયો બનીને મોતને ભેટયા હતા તેમને શ્રધ્ધાંજલિ આપવા સંસ્થાના સંચાલક વિભાષભાઈ પટેલે અનોખા કાર્યક્રમ નુ સુદર આયોજન કર્યુ હતુ જે અંતર્ગત અમદાવાદ મણીનગર થી આવેલા બે કિશોર વયના કલાકારોએ શ્રોતાઓને શ્રીકૃષ્ણ ભક્તિના ગીતો સંભળાવીને મંત્ર મુગ્ધ કરી દીધા હતા ગાયક કલાકાર શ્લોક હિમાંશુ ભાઈ પંચોલી તેમજ સંગીતકાર નિસર્ગ સાળુંકે આ પ્રસંગે તેમના ગીત-સંગીતથી સમસ્ત વાતાવરણ ને પ્રફુલિત બનાવી દીધુ હતુ આ શ્રધ્ધાંજલી કાર્યક્રમ મા નગર ના આગેવોનો નગરના અગ્રણીઓ તથા વિવિધ સંસ્થાઓના સંચાલકો આગેવોનો ઉપસ્થિત રહ્યા હતા.

## અંબાજી ખાતે ઈન્ટરનેશનલ નર્સ ડે દિવસની ઉજવણી કરવામાં આવી



શક્તિ,ભકિત અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે જગ વિખ્યાત યાત્રાધામ અંબાજી ગુજરાત અને રાજસ્થાનની સરહદે આવેલું છે. અંબાજી ખાતે વિવિધ શાળાઓ અને કોલેજો આવેલી છે ત્યારે થોડા મહીના અગાઉ ખુલેલી ભવાની નર્સિંગ ઈન્સ્ટિટ્યૂટ ખાતે શ્રી વનવાસી ઉત્કર્ષ મંડળ ભચડીયા દ્વારા ઈન્ટરનેશનલ નર્સિંગ ડે દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વનવાસી ઉત્કર્ષ મંડળ સંસ્થાના મુખ્ય સંચાલક એલ. કે. બારડ દ્વારા તમામ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને સારા ભવિષ્ય માટે પ્રાથના કરી શુભ કામનાઓ આપવામાં આવી હતી. આ પ્રસંગે ભવાની નર્સિંગ કોલેજના પ્રિન્સીપાલ કોમલબેન જગદીશસિંહ ચૌહાણ અને તમામ નર્સિંગ સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા આધ્યશક્તિ હોસ્પિટલના નર્સિંગ સ્ટાફ અને નર્સિંગ ઈન્ચાર્જનું સન્માન કરવામાં આવ્યું હતુ અને તેમનાં કરેલા કાર્યોને બિરદાવવામાં આવ્યા હતા. નર્સિંગ દિવસની ઊજવણીમા ક્વીઝ, રંગોલી, સ્પીચ અને ડીબેટ જેવા કાર્યક્રમ કેક કાપીને કરવામાં આવ્યા હતા.

## થરાદમાં મંડપમાં લાગી આગ...: મંડપમાં આગ ભભૂકતા ભાગદોડ મચી



થરાદમાં દરજી સમાજના જમણવાર વખતે મંડપ માં અચાનક આગ ભભૂકી ઉઠતા ભાગદોડ મચી જવા પામી હતી તાત્કાલિક સ્થાનિક લોકો દ્વારા પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ હાથ ધરાયા હતા અને તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરાતા ફાયર વિભાગની ટીમ પણ ઘટનાસ્થળે દોડી આવી આગ પર કાબુ મેળવ્યો હતો. બનાસકાંઠા જિલ્લામાં મંડપ માં એક પછી એક આગ લાગવાના બનાવો સામે આવ્યા છે રાધવ થરાદ તેમજ ડીસાના માલગઢ ગામ ખાતે લગ્ન ના મંડપ માં આગ લાગી હતી. ત્યારે આજે વધુ એક થરાદમાં લગ્નના મંડપમાં આવી હતી દરજી સમાજ ના લગ્ન પ્રસંગે જમણવાર ચાલી રહ્યો હતો તે દરમિયાન મંડપમાં અચાનક આગ ભભૂકી ઉઠતા ભાગદોડ મચી જવા પામી હતી અને તાત્કાલિક સ્થાનિક લોકોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવા નો પ્રયાસ હાથ ધરાયો હતો. જે બાદ તાત્કાલિક થરાદ ફાયર વિભાગને જાણ કરાતા ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગ પર કાબુ મેળવ્યો હતો. પરંતુ આગ લાગવાથી મંડપ બળીને ખાખ થઈ ગયું હતું.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઉનાળો તપ્યો : ભૂગર્ભ જળ ઉંડાં ઉતરતાં હેન્ડ પંપ રીસાયા

### જળસ્ત્રોત નીચા ઉતરતાં હેન્ડ પંપ નકામા બનવા લાગ્યા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૩

જિલ્લામાં ઉનાળો તપવા લાગ્યો છે ઉનાળો તપતાંની સાથે ધરતી ધીમે ધીમે અંગારો બની રહી છે જેના કારણે ભૂગર્ભ જળસ્ત્રોત ચિંતાજનક રીતે ઉંડા ઉતરી જતાં જાણે કે હેન્ડ પંપ રીસાયા હોય તેમ હેન્ડ પંપમાંથી ભરઉનાળે પાણી અદ્રશ્ય થઈ જતાં ગ્રામ્ય વિસ્તારમાં પ્રજા ચિંતાતૂર બની છે. આગામી દિવસોમાં હેન્ડ પંપની પાઈપ વધુ ઉંડી ઉતારવાની કામગીરી શરૂ કરવામાં નહીં આવે તો અસંખ્ય હેન્ડ પંપ નકામા બની જવાનો ભય ઉભો થયો છે.

સાબરકાંઠા-અરવલ્લીમાં ગત વર્ષે નબળા ચોમાસાના કારણે તળાવો, જળાશયોમાં પાણીની ઓછી આવક થઈ છે. અને આકરો ઉનાળો શરૂ થતાં નબળા ચોમાસાના પરીણામો નજર સમક્ષ છે. ત્યારબાદ જેમ દિવસો પસાર થતા ગયા તેમ નદીઓમાંથી પાણી અદ્રશ્ય થઈ ગયાં છે અને હવે ઉનાળાના આરંભથી તળાવો ખાલીખમ થઈ ગયા જેના કારણે ભૂગર્ભ જળની સપાટી ઉંડે જતાં આગામી દિવસોમાં ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણી માટે કકળાટ શરૂ થાય તેવી સ્થિતિ ઉભી થતી જાય છે. જિલ્લામાં પંચાયતના વારીગૃહના બોરકૂવાનાં પાણીના તળ ઉંડે જતાં કેટલીક પંચાયતોને પાણી વિતરણ વ્યવસ્થામાં બદલાવ કરવાની ફરજ પડી છે. જ્યાં રોજ પીવાનું પાણી અપાતું હતું તેવી પંચાયતોમાં આગામી દિવસોને ધ્યાનમાં રાખી આંતરે દિવસે પાણી આપવાના નિર્ણય થઈ રહ્યા છે. જિલ્લામાં ભૂગર્ભ જળ નીચે જતાં હેન્ડ પંપ ઉલેચવા છતાં પાણી આવતું ન હોવાથી હેન્ડ પંપ સમસ્યારૂપ બની રહ્યા છે. જિલ્લામાં ભૂગર્ભ જળની સપાટી ઉંડે જતાં હેન્ડ પંપ નિષ્ફળ થઈ જાય તે અગાઉ નવી પાઈપો વધુ ઉંડાઈએ નાખવાની ફરજ પડી રહી છે. જિલ્લામાં ઉનાળાની શરૂઆતથી જ પાણીની સપાટી નીચે જતાં આગામી દિવસોમાં આગોતરૂ આયોજન નહીં ગોઠવાય તો પાણી માટે મહિલાઓએ દૂર સુધી ભટકવું પડે તેમાં નવાઈ નહીં હોય.

# ગણપત યુનિવર્સિટીના આંગણે ઉજવાયો આંતરરાષ્ટ્રીય નર્સિંસ દિવસ...



ગણપત વિદ્યાનગર, તા. ૧૫

ગણપત યુનિવર્સિટીના 'કુમુદ અને ભૂપેસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ' અને ગ્લેન્ડેલ કોમ્યુનિટી કોલેજ, કેલિફોર્નિયાના સંયુક્ત ઉપક્રમે 'આંતરરાષ્ટ્રિય નર્સિસ-દિવસ'ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીના 'સેન્ટ્રલ-થીમ' તરીકે 'આ વોઈસ ટુ લીડ-ઈન્વેસ્ટ ઈન નર્સિંગ એન્ડ રેસ્પેક્ટ રાઈટ્સ ટુ સિક્યોર ગ્લોબલ હેલ્થ' એવો વિષય પસંદ કરવામાં આવ્યો હતો.



તાજેતરમાં જ ગણપત યુનિવર્સિટીના આંગણે ઉજવાયેલા 'આંતરરાષ્ટ્રીય નર્સિસ દિવસ'ની ઉજવણીના ઉદ્ઘાટન સમારંભમાં ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ-દાદા, ઈન્સ્ટિટ્યૂટના ડોનર (દાતા) શ્રીમતી કુમુદ પરીખ, ભૂપેશ પરીખ, ગણપત યુનિવર્સિટીના પ્રો. ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ પ્રો. ડો. મહેન્દ્ર શર્મા, બોર્ડ ઓફ ગવર્નર્સના મેમ્બર ડૉ. ગિરીબાળાબેન પટેલ, ગ્લેન્ડેલ કોમ્યુનિટી કોલેજના હેલ્થ-સાયન્સના એસોસિએટ ડીન એમ્લીન જજ, યુનિ.ના પ્રો. વાઈસ ચાન્સેલર એન એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ, યુનિ.ના પ્રો. વાઈસ ચાન્સેલર ડૉ. રાકેશ પટેલ અને વિક્ટોરિયા યુનિ., ઓસ્ટ્રેલિયાના રજિસ્ટર નર્સ વિશ્વા પટેલ, ગણપત યુનિવર્સિટીના કુમુદ અને ભૂપેશ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના ડીન ડૉ. કરયાગવલી નાગેશ્વરન અને એમના સ્ટાફ પરિવારના તમામ મિત્રો પણ ઉપસ્થિત રહ્યા હતા.

આંતરરાષ્ટ્રીય નર્સિસ દિવસની ઉજવણી નિમિત્તે ગ્લેન્ડેલ કોમ્યુનિટી કોલેજના હેલ્થ-સાયન્સના એસોસિએટ ડીન એમ્લિન જજ દ્વારા 'પેશન્ટ એડવોકસી : લીડિંગ વીથ કરેજ' વિષય ઉપર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું, તો વિક્ટોરિયા, ઓસ્ટ્રેલિયાના રજિસ્ટર નર્સ વિશ્વા પટેલ દ્વારા 'ગ્લોબલ નર્સિંગ અને સ્ટ્રેન્થ બેઝડ વેલ્યુઝ' ઉપર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.

આ આંતરરાષ્ટ્રીય નર્સિસ દિવસની ઉજવણીમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ, વિદ્વાન અને અભ્યાસી પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# બનાસકાંઠા જિલ્લાની ગૌશાળાઓમાં સરકારે જાહેરાત કરેલી સહાય ચુકવવા માંગ

### સરકારે ૫૦૦ કરોડ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી, પરંતુ હજુ મળી નથી : ગૌશાળાને તાત્કાલિક ધોરણે સહાય ચુકવવામાં આવે તેવી માંગ

પાલનપુર,તા. ૧૫

બનાસકાંઠા જિલ્લામાં ફરી એકવાર ગૌશાળામાં પશુઓની હાલત કફોડી બને તેવી સ્થિતિ સર્જાવાની શકયતાઓ છે. સરકારે ૫૦૦ કરોડ રૂપિયાની સહાય આપવાની જાહેરાત તો કરી હતી, પરંતુ હજુ સુધી આ અંગે કોઈ કામગીરી ન કરાતા ગૌશાળાને તાત્કાલિક ધોરણે સહાય ચુકવવામાં આવે તેવી માંગ કરાઈ રહી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,બનાસકાંઠા જિલ્લામાં અત્યારે ૧૭૦ જેટલી ગૌશાળા અને પાંજરાપોળ આવેલી છે. જેમાં રખડતા બિનવારસી, કતલખાને જતા અને બીમાર ૮૦ હજાર જેટલા પશુઓ ને સાર સંભાળ થાય છે.



આમ તો આ ગૌશાળાઓ અત્યાર સુધી દાનની આવક પર જ નિર્ભર હતી, પરંતુ કોરોના મહામારી બાદ દાનની આવક સતત ઘટી છે. તેવામાં ગુજરાત સરકારે બજેટમાં ગૌશાળાઓને ૫૦૦ કરોડ રૂપિયાની સહાય ચૂકવવાની જાહેરાત કરી હતી. જેથી સરકારે સહાય કરી છે તેવું જાણી દાન આવતું પણ ઘટી ગયું છે.

તો બીજી તરફ અત્યારે ઉનાળાની સિઝનમાં ઘાસચારાનો ભાવ આસમાને પહોંચ્યો છે. આવી સ્થિતિમાં ગૌશાળા પશુઓનો નિભાવ કરવું મુશ્કેલ બન્યું છે. અત્યારે જિલ્લાની ગૌશાળાના સંચાલકો પશુઓ માટે ઘાસચારાની માંડ માંડ વ્યવસ્થા કરી રહ્યા છે. ત્યારે હવે સરકાર જાહેરાત કરેલી સહાય ગૌશાળા અને પાંજરાપોળ સંચાલકો ને તાત્કાલિક ચૂકવે તેવી સંચાલકો માંગ કરી રહ્યા છે.

આ અંગે પાંજરાપોળ સંચાલક જગદીશભાઈ માળીએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લાની અંદર ૧૭૦ કરતા વધુ ગૌ શાળા પાંજરાપોળ આવેલી છે. જેમાં ૮૦ હજારથી વધુ ગૌ વંશ સહીતના પાસુધન આશ્રીત છે. ઉનાળા કપરા સમયની અંદર ઘાસ ચારાની ભારે તંગી હતી. દાનવીરોના દાનની પણ આવક નતી. તેવામાં સરકારને રજૂઆત કરતા ૫૦૦ કરોડની માર્ચ મહિનામાં જોગવાઈ કરી છે.

જે બજેટમાં પણ તે જાહેરાત કર્યાને આજે ૯૦ દિવસ વધુ સમય થયો છે. સરકાર તરફથી હજુ સહાય નથી મળી નથી. સરકારીની મોટી મોટી જાહેરાતો પછી દાન પણ નથી મળી રહ્યું. સરકારને વિનંતી છે કે તાત્કાલિક જે તમે જાહેરાત કરી છે તે પૈસા અમને ચૂકવી આપો. જો આવું કરવામાં વિલંબ થશે તો આવનારા સમયમાં ખુબ મોટી પરિસ્થિતિ વિકટ સર્જાશે.

# અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારમાં સસલાંનો ખુલ્લેઆમ શિકાર

### વન વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૫

અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં શિકારીઓ બેફામ બન્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં સસલાંનાં શિકાર થવા લાગ્યો છે જયારે વન વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલું રહેતાં વન્ય પ્રાણીઓના જીવન સામે જોખમ ઉભું થયું છે. શિકાર કરનારી ચોક્કસ ટોળકી સવાર થી સાંજ સુધી જંગલ વિસ્તારમાં બિન્દાસ ટહેલતી જોવા મળી રહી છે.

જિલ્લામાં નિલ ગાયોની નિર્દયતાપૂર્વક હત્યા થતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે છતાં વન વિભાગ આજ દિન સુધી શિકારીઓને જબ્બે કરી શક્યું નથી ત્યાં અન્ય તૃણાહારી પ્રાણીઓની હત્યાના બનાવ પ્રકાશમાં આવી રહ્યા છે. અરવલ્લી જિલ્લાના સરડોઈ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાય સમયથી સસલાંનો શિકાર કરતી ટોળકી સક્રીય થઈ છે જેમાં કૂતરાં સાથે રાખી જંગલ વિસ્તારમાં સસલાંને ભગાડાતાં હોય છે અને શિકારીઓ કૂતરા સાથે ઘેરો ઘાલી સસલાંનો ધોળે દિવસે શિકાર કરી રહ્યા છે. જિલ્લામાં સસલાંની માંડ સંખ્યા વધી છે ત્યાં શિકારીઓની હિંમત વધી જતાં પ્રજાતિ લુપ્ત થઈ જાય તેવી સ્થિતિ પેદા થઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાં વન વિભાગની ઘોર નિષ્ક્રિયતાથી સસલાંનો શિકાર શોખ બની રહ્યો છે જયારે શિકાર બાદ મૃત સસલાંનું માંસ આરોગવાની એક પરંપરા ચોક્કસ વર્ગમાં બની ગઈ છે. સવારથી શિકારીઓ જંગલ વિસ્તારમાં ધામા નાખી દેતા હોય છે અને કોઈનાય ડર વિના ખુલ્લેઆમ સસલાંનો શિકાર કરતા હોવાથી વન વિભાગ સામે વ્યાપક રોષ જોવા મળી રહ્યો છે. વન વિભાગના ફોરેસ્ટરો તેમજ બીટગાર્ડ જંગલ વિસ્તારમાં ફરકતા ન હોવાથી શિકાર ટોળકીને મોકળુ મેદાન મળી ગયું છે. સસલાંના શિકારને અટકાવવામાં નહીં આવે તો પ્રજાતિ લુપ્ત થવાની સાથે અન્ય વન્ય પ્રાણીઓના જીવન સામે ખુલ્લેઆમ શિકારથી સંકટ ઉભું થયું છે.

# બનાસકાંઠા જિલ્લા માર્કેટાઈલ બેંકની સુવર્ણ જયંતિ ઉજવાઈ

### નિયામક મંડળ, સભાસદો અને સ્ટાફ દ્વારા બેંકના સ્થાપના દિનની ઉજવણી કરાઈ




પાલનપુર તા.૧૫

પાલનપુર ખાતે આવેલી બનાસકાંઠા જિલ્લાની અગ્રણી સહકારી બેંક બનાસકાંઠા જિલ્લા મર્કેટાઈલ બેંક સફળતાના પચાસ વર્ષ પૂર્ણ કરતા બેંક ની સુવર્ણ જયંતી ની ઉજવણી કરવામાં આવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે.જોષીનો અહેવાલ જણાવે છે કે,બનાસકાંઠા જિલ્લામાં સહકારી બેંકિંગ મોખરાનું સ્થાન ધરાવતી અને વિવિધ સવલત અને સુવિધા ધરાવતી ધી બનાસકાંઠા મર્કેટાઈલ કો.ઓપટેટિવ બેંક ૧૧ મેં ૨૦૨૨ના રોજ પચાસ વર્ષ પૂર્ણ કરતા બેંકના નિયામક મંડળ, સભાસદ અને સ્ટાફ દ્વારા બેંકના સ્થાપના દિવસની ઉજવણી કરાઈ હતી.

જેમાં બેંકના ચેરમેન શિવરામ ભાઈ પટેલ, વા.ચેરમેન દિનેશભાઈ પટેલ સહિત ના આગેવાનો દ્વારા કેક કાપીને બેંક સુવર્ણ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

# સાઠંબા પોલીસ હપ્તા લઈ દેશી દારુ ગળાવતી હોવાના ગંભીર આક્ષેપ

### ખુદ દારુડીયાએ પોટલી પીતાં પોલીસની પોલ ખોલી : દારુબંધીની દુહાઈ દેતી પોલીસ શરમજનક સ્થિતિમાં

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૫

બાયડ તાલુકાના સાઠંબા પંથકમાં પોલીસ હપ્તા લઈ દેશી દારુ ગળાવતી હોવાના એક દારુડીયાએ ગંભીર આક્ષેપ કર્યાનો વિડીયો વાયરલ થતાં ખાખી વર્દી શરમજનક સ્થિતિમાં મૂકાઈ છે. ખુદ દારુડીયાએ દેશી દારુની પોટલી પીતાં પીતાં પોલીસના હપ્તારાજની પોલ ખોલતાં સનસનાટી મચી છે.

દેશી-વિદેશી દારૂની રેલમછેલ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં થવા પાછળ પોલીસનું હપ્તારાજ કામ કરતું હોવાના હમણાં સુધી આક્ષેપો થઈ રહ્યા હતા પરંતુ હવે ખુદ દારુના બંધાણીઓ ડર વગર પોલીસ ઉપર હપ્તા લેતી હોવાના આક્ષેપ કરતાં પોલીસ બચાવની મુદ્રામાં આવી છે. બાયડ તાલુકાના સાઠંબા પંથકમાં દારુબંધીનો કાયદો માત્ર કાગળ ઉપર સિમિત રહી ગયો હોય તેવી સ્થિતિ છે. વિદેશી દારૂ સાથે દેશી દારૂના અડ્ડા ગૃહ ઉદ્યોગની જેમ ધમધમવા લાગ્યા છે. કયા વિસ્તારમાં ક્યાં દેશી દારુ ગળાય છે અને વેચાય છે તે બીટ જમાદારથી માંડી થાના અમલદારો જાણતા હોવા છતાં કહેવા ખાતર રેડનાં નાટક કરવામાં આવતાં હોય છે. પોલીસના હપ્તારાજથી દેશી દારુનું દૂષણ અનેક ગણું વધી ગયું છે ત્યારે હવે દેશી દારૂ ઢીંચનારા ખુદ પોલીસ ઉપર હપ્તારાજના આક્ષેપ લગાવી રહ્યા છે. તાલુકાના તખતપુરા ગામના દારુના બંધાણી યુવકે દારુ ઢીંચવા સમયે જ હપ્તો લઈ પોલીસ દારુ ગળાવતી હોવાના સનસની ખેજ આક્ષેપ કર્યા પછી વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં ખાખી વર્દીના હપ્તારાજની પોલ ઉઘાડી પડી છે ત્યારે જિલ્લા પોલીસ વડા સંજય ખાતે પોલીસ ઉપર થયેલા સનસનીખેજ આક્ષેપોમાં કેટલું સત્ય છે તેની ખરાઈ કરવી જોઈએ તેવો લોકસૂર પંથકમાં પ્રવર્તિ રહ્યો છે.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો સીધી રેલ સેવાથી વંચિત

### રેલવે વિભાગ દ્વારા વર્ષોથી થતો અન્યાય

હિંમતનગર, તા.૧૫

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આઝાદીના દાયકાઓ પછી પણ રેલ સેવાના મુદ્દે અન્યાયકારી વલણ યથાવત રહેતાં ગ્રામ્ય વિસ્તારો સીધી રેલ સેવાથી વંચિત રહ્યા છે. જ્યારે જૂજ ગામોને તેનો સીધો લાભ મળતો હોવાથી આગામી સમયમાં રેલ સેવા માટે આંદોલન છેડવાની ફરજ પડશે તેવું જણાઈ રહ્યું છે. જ્યારે અરવલ્લીની એકમાત્ર કપડવંજ-મોડાસા રેલવેને લંબાવવાની માગણી હજુ પૂરી થઈ ન હોવાથી અપર્યાપ્ત રેલ સેવાથી નારાજગી પ્રવર્તિ રહી છે.

વર્ષોથી બંન્ને જિલ્લાના મહત્વના ગામોને રેલ સેવાનો ફાયદો થાય તેવું સૌ કોઈ ઈચ્છી રહ્યા છે પરંતુ કેન્દ્રમાં અન્યાયકારી વલણ યથાવત રહેતાં બંન્ને જિલ્લામાં માત્ર ૩૦ જેટલા ગામોને રેલ સેવાનો સીધો લાભ મળી રહ્યો છે જ્યારે અસંખ્ય ગામો રેલ સેવા માટે ટળવળી રહ્યા છે. જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોને રેલવેની સુવિધાથી જોડવામાં આવે તો વિકાસને વધુ વેગ મળી શકે તેમ હોવા છતાં રેલવેના વિસ્તૃતિકરણ માટે કોઈ ઠોસ કદમ થયા નથી. આઝાદીના દાયકાઓ પછી પણ માત્ર જૂજ ગામોને રેલ સેવાનો સીધો લાભ મળ્યો છે ત્યારે આગામી સમયમાં કેન્દ્ર અન્યાયકારી વલણ યથાવત રાખશે તો રેલ સેવા માટે જનઆંદોલનના ભણકારા સંભળાઈ રહ્યા છે.